# તાના-રીરી મહોત્સવ પ્રસંગે ત્રણ વિશ્વ રેકોર્ડ રચાયા

**ગ્રીનીસ રેકોર્ડ લિમ્કા બુક ઓફ રેકોર્ડ અને વલ્ડ રેકોર્ડ બુક ઓફ ઇન્ડિયા : ૩૦ મિનીટમાં ૧૫૦ તબલા વાદકો દ્વારા ૨૮ અલગ અલગ તાલ વગાડી વિશ્વ રેકોર્ડની રચના કરી : ૧૦૮ વાંસળી વાદકોએ રાગ ખમાજ પર ધુન વૈષ્ણવજન અને રાષ્ટ્રગીત વગાડી વિશ્વ રેકોર્ડ રચ્યો : એક મીનીટમાં કલાગુરૂશ્રી શીતલબેન બારોટ ૯ અલગ અલગ ચહેરાના ભાવો નવ રસ પ્રમાણે રજુ કરી વિશ્વ રેકોર્ડની રચના કરી**





મહેસાણા

તાના-રીરી મહોત્સવ પ્રસંગે વિરાસત ભુમિ પર ત્રણ વિશ્વ રેકોર્ડ રચાયા હતા જે પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા કલા સાહિત્ય અને સાંસ્કૃતિક વારસો જાળવી રાખવાનું કામ થઇ રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે ઐતિહાસિક ભુમિ પર આજે ત્રણ વિશ્વ રેકોર્ડ સર્જાયા છે. કવિ નરસિંહ મહેતાની દૌહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના-રીરીની યાદમાં દર વર્ષે તાના-રીરી મહોત્સવ વડનગર ખાતે યોજવામાં આવે છે. સંગીત બેલડી તાના-રીરી બહેનોની સ્મૃતિમાં યોજાતો આ મહોત્સવમાં આજે નાવીન્ય ઉમેરાયું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૩ થી તાના-રીરી મહોત્સવની શરૂઆત કરી છે. સંગીત સામ્રાજ્ઞીની યાદમાં કારતક સુદ નોમ અને દશમના દિવસે આ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ મહોત્સવ સંદર્ભે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ પણ આપવામાં આવે છે.

તબલા તાલીમ સંસ્થાના ૧૫૦ કલાકારો દ્વારા ૩૦ મિનીટમાં ૨૮ તાલ રજૂ કરાયા હતા.જેમાં પ્રારંભિકથી લઈ પ્રવિણ સુધીના તાલોનો મૂખપાઠ તથા વાદન કરાયું હતું ૬ થી ૬૦ વર્ષ સુધીના કલાકારો સહિત ૫ થી ૧૦ દિવ્યાંગ વિધાર્થીઓએ જોડાયા હતા.

આ ઉપરાંત ૧૦૮ વાંસળી વાદકો દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીજીને અંજલી સ્વરૂપે વૈષ્ણવ જન તો તેને રે કહીએ... રાગ ખમાજ પર વિશ્વ રેકોર્ડ કર્યો હતો. આ ઉપરાંત રાષ્ટ્રગાન જનગણ મન વગાડી પાંચ મિનીટમાં વિશ્વ રેકોર્ડની રચના કરી હતી.

આ ઉપરાંત કલાગુરૂ શ્રી શીતલબેન બારોટ દ્વારા નવરસની પ્રસ્તુતી ભારત નાટ્યના નૃત્ય શૈલીમાં રજુ કરાઈ હતી. એક મીનીટમાં શ્રુંગાર રસ, હાસ્ય રસ, કરૂણ રસ, રૌદ્ર રસ, વિર રસ, બીભત્સ રસ, ભયાનક રસ, અદભૂત રસ અને અંતમાં શાંત રસ દ્વારા પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા તબલા વાદકો, વાસંળી વાદકો અને કલાગૂરૂ શીતલબેન બારોટનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે, સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજભાઈ ભટ્ટ, અગ્રણી સોમાભાઇ મોદી રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગના અગ્ર સચિવ સી.વી સોમ, જિલ્લા કલેકટર એચ.કે.પટેલ,જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પોલીસ અધિક્ષકનિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ, પ્રાન્ત અધિકારી દિપ્તીબેન પ્રજાપતિ, નગરપાલિકા અને તાલુકા પંચાયત વડનગરના અધિકારીઓ-પદાધિકારીઓ, સંગીત રસિકો અને પ્રબુધ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર બુધવારે વાર્ષિક ઈન્સ્પેકશન યોજાયું હતું. જેમાં ગાંધીનગર રેંજ આઈજી મયંકસિંહ ચાવડાએ બેન્ડ સાથે યોજાયેલ અધિકારીઓની પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત પોલીસની પીટી, લગ પીટી, લાઠી ડ્રિલ, સ્કોર્ડ ડ્રિલ, વેપન ટ્રેનિંગ, મોબ ડ્રિલ, ડોગ ટ્રેનિંગ, હોર્સ રાઈડ સહિત ઈવેન્ટનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ પોલીસ દરબાર, સુરક્ષા સેતુના હોદેદારો સાથે બેઠક યોજી હતી તો રેંજ આઈજી અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ પણ યોજાઈ હતી.

# ડીસા ગાયત્રી મંદિર નજીક ધોળા દિવસે ખેડૂત લૂંટાયો

**અજાણ્યો શખ્સ ખેડૂતને બેભાન બનાવી સોનાના દાગીના અને રોકડ લઈ ફરાર**

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગુનાખોરીનો ગ્રાફ દિન-પ્રતિદિન વધુ ને વધુ ઊંચકાઈ રહ્યો છે. વધતી જતી ગુનાખોરીને લઈ પ્રજા ભયના ઓથાર તળે જીવી રહી છે. ધોળે દિવસે ગુનેગારો એક પછી એક ઘટનાને અંજામ આપી રહ્યા છે. જેમાં ચોરી, લૂંટ, અપરહણ, મારામારી, ચેન સ્નેચિંગ તેમજ છેતરપિંડીની ઘટનાઓમાં વધારો થયો છે. ત્યારે બુધવારે ૧૧ વાગ્યાના સુમારે ડીસાના ગાયત્રી મદિરથી ત્રણ હનુમાન મંદિર તરફ જતા માર્ગ ઉપર ઢેઢાલ ગામના ખેડૂત જીવરામભાઈ ધર્માભાઈ પ્રજાપતિ ડીસા ખાતે પોતાના સંબંધીને મળવા આવ્યા હતા અને ડીસા ગાયત્રી મંદિર નજીકથી ત્રણ હનુમાન મંદિર તરફના માર્ગ ઉપર ઉભા હતા તે દરમિયાન એક અજાણ્યો શખ્સ તેમની નજીક આવી તેમને કોઈ વસ્તુ સુંઘાડી દેતા તેઓ બેભાન બની ગયા હતા અને થોડી વાર પછી ભાનમાં આવતા તેમના કાનમાં રહેલી સોનાની મરકી, હાથમાં રહેલી ચાંદીની વીંટી અને ખિસામાં રાખેલ રોકડ લઈ કોઈ શખ્સ ફરાર થઈ જતા તેઓ ગભરાઈ ગયા હતા અને આ ઘટનાની જાણ તેમના સગાને કરી હતી. બાદમાં આ બાબતની ફરિયાદ કરવા તેઓ ઉત્તર પોલિસ મથકે દોડી આવ્યા હતા. જોકે આ મામલે પોલીસે પીડિત એવા જીવરામભાઈની રજુઆતના આધારે વધુ તપાસ હાથ ધરી છે.



## મોટાભાગના સી.સી. કેમેરા બંધ હાલતમાં

ડીસા પાલિકા દ્વારા શહેરીજનોની સુરક્ષા હેતુસર બે વર્ષ અગાઉ જલારામ સર્કલ, ગાયત્રી સર્કલ, સરદાર બાગ સર્કલ, કચ્છી કોલોની સર્કલ, એસ.સી. ડબ્લ્યુ. સર્કલ, રેલવે સ્ટેશન સહિતની વિવિધ સર્કલ ઉપર લાખોના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે. જોકે મોટાભાગના કેમેરા હાલમાં ટેકનીકલ ખામીના કારણે બંધ હાલતમાં છે અને આ બંધ કેમેરાના કારણે ગુનાહિત ઘટનાઓને ઉકેલવામાં પણ મુશ્કેલી પડે છે તો પાલિકાતંત્ર આ તમામ કેમેરા સત્વરે ચાલુ કરે તો શહેરમાં બનતી આવી ગુનાહિત ઘટનાના ભેદ ઉકેલવામાં સરળતા ઉભી થાય તેમ છે .

# ધાનેરામાં નવા આવેલા પીઆઈ અને ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકો સામે લાલ આંખ

**૧૭ વાહનો ડિટેઇન : નવા આવેલા પીઆઇ અને ટ્રાફિક પોલીસની કામગીરીને લોકોએ બિરદાવી**

ધાનેરામાં નવા આવેલા પીઆઈ અને ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકો સામે લાલ આંખ કરી ૧૭ વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા અન્ય વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ધાનેરા વિસ્તારમાં કેટલાક વાહનચાલકો ટ્રાફિકના નિયમનોના ધજીયા ઉડાવતા જોવા મળતા ધાનેરામાં નવા આવેલા પીઆઈ અને ધાનેરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આવા વાહનચાલકો સામે લાલ આંખ કરી હતી અને ૧૭ જેટલા વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રાફિક પોલીસ અને નવા પીઆઈની આ કામગીરી અન્ય વાહન ચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે, તો બીજી તરફ ટ્રાફિક પોલીસ અને નવા આવેલા પીઆઈની કામગીરીને ધાનેરાવાસીઓએ બિરદાવી હતી.



ધાનેરામાં કેટલાક વાહનચાલકો ટ્રાફિકના નિયમના ધજાગરા ઉડાવતા જોવા મળે છે. બાઈક ચાલકોએ હેલ્મેટ વગર તો અન્ય વાહનચાલકો સીટ બેલ્ટ અને શટર ગાડીવાળા ઘેટાં બકરાની જેમ મુસાફરો ભરીને અવરજવર કરે છે ત્યારે આવા લોકોને સબક શીખવાડવા માટે ધાનેરા ટ્રાફિક પોલીસ અને પીઆઈ એક ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં ૧૭ વાહનો ડિટેઈન કરતાં અન્ય વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. ટ્રાફિક પોલીસ અને નવા આવેલા પીઆઈની આ કામગીરીથી ધાનેરાના નગરજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ઘોડિયાલ ગામેથી વિદેશી દારૂ સાથે આરોપીને પકડી પાડતી વડગામ પોલીસ

બાતમી આધારે ઘોડિયાલ ગામની સીમમાં ખેતરે બનાવેલ ઘરેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ/બિયર ટીન મળી કૂલ નંગ ૨૨૨ કિ. રૂા.૨૫,૫૦૦/-નો પ્રોહી મુદામાલ સાથે આરોપી હરીસિંહ રૂપસિંહ રાજપુત(ચાવડા) રહે. ઘોડિયાલ તા.વડગામ વાળાને પકડી પાડી વડગામ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૨૨૦/૧૯ પ્રોહી કલમ ૬૫એઈ ૧૧૬(૨) મુજબ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.



ડીસા બાર એસોસિએશન દ્વારા વિરોધ પ્રદર્શન - દેશની રાજધાની એવા દિલ્હીમાં વકીલ પર થયેલ ફાયરિંગ અને હુમલાની ઘટનાનો ચોમેરથી ભારે વિરોધ થયો છે. દેશના વિવિધ બાર એસોસીએસન દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધનો સુર પ્રગટ કર્યો છે. ત્યારે તેના ભાગરૂપે ડીસા બારના વકીલોએ પણ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

## ૩૫ વર્ષ ઉપરના તથા વરિષ્ઠ નાગરિકો માટે એથ્લેટીક્સ સ્પર્ધા યોજાશે

ગુજરાત રાજયના માસ્ટર એથ્લેટીક્સ એશોસિએશન ઓફ ગુજરાતના જનરલ સેક્રેટરી આઈ. યુ. સીડાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ૩૯મી ગુજરાત રાજય માસ્ટર એથ્લેટીકસ ચેમ્પીયનશીપ તા. ૧૬ અને ૧૭ નવેમ્બર-૨૦૧૯, શનિ, રવિના દિવસો દરમ્યાન મ્યુનીસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, ઉપલેટા જિલ્લો ખાતે યોજવામાં આવનાર છે.

# હાશ, વાવાઝોડાનું સંકટ ટળ્યું : સાબરકાંઠા અને અરવલ્લીમાં સામાન્ય અસરો દેખાશે

**આજે સવારે વાવાઝોડુ દરીયાકાંઠે ટકરાશે : તીવ્રતા ઘટી જશે : બંને જિલ્લામાં આકાશ વાદળછાયું રહેશે : માવઠાની શક્યતા નહીવત**

અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલા મહા વાવાઝોડાનો હાઉને લીધે સરકાર તથા આમ પ્રજા ચિંતામાં મુકાઈ ગઈ છે. ત્યારે આજે ગુરૂવારે સવારે આ મહા વાવાઝોડુ ગુજરાતના દરીયાકિનારે ત્રાટકશે. જેને લઈને દરીયાકાંઠાના વિસ્તારોને સાવચેત રહેવા માટે હવામાન વિભાગે તાકીદ કરી છે. દરમ્યાન બુધવારે આ વાવાઝોડાની કચ્છમાં અસરો જણાઈ હતી. તો બીજી તરફ આ વાવાઝોડુ દરીયામાં જ ધીમુ પડી રહ્યું હોવાને કારણે તેનાથી થનારા નુકશાનની માત્રા ઓછી થવાની શક્યતા છે. જેને લઈને ખાસ કરીને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં તેની ઝાઝી અસરો થશે નહી. તેમ છતાં ગુરૂવારે સવારથી જ સાબરકાંઠા અને અરવલ્લીનું આકાશ વાદળછાયુ બની જશે અને સામાન્ય પવન પણ ફુંકાઈ શકે છે.

આ અંગે સાબરકાંઠા ડિઝાસ્ટર વિભાગના મામલતદાર કે.બી. પટેલે એક વાતચીતમાં જણાવ્યું હતું કે મહા વાવાઝોડુ ગુરૂવારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ત્રાટકવાનું હોવાથી સરકાર અને વહીવટીતંત્ર દ્વારા અગાઉથી જ આયોજન કરીને તેની અસરો શક્ય તેટલી ઓછી થાય તે દિશામાં પગલા લીધા છે. અને હવામાન વિભાગે કરેલી આગાહીને પગલે જે વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ તથા ૫૦થી વધુ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની શક્યતા દર્શાવાઈ છે તેવા વિસ્તારોમાં બચાવ ટુકડીઓને પણ તહેનાત કરી દેવાઈ છે.

તો બીજી તરફ વાવાઝોડુ દરીયાકિનારે આગળ વધી રહ્યું છે ત્યારે તેની તીવ્રતા ઘણી ઓછી થઈ ગઈ છે. જેના લીધે જાનમાલને નુકસાન પણ ઓછુ થશે. આ વાવાઝોડાની અસરોને લઈને સાબરકાંઠા અને અરવલ્લીના પ્રજાજનો ખુબજ ચિંતીત છે ત્યારે હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તેની અસરો ખુબજ નહીવત થવાની શક્યતા છે. તેમ છતાં સાબરકાંઠા અને અરવલ્લીના વહીવટીતંત્ર દ્વારા અગમચેતીના પગલા લેવામાં આવ્યા છે. તથા બંને જિલ્લામાં મુખ્યમથકે કંટ્રોલરૂમને કાર્યરત કરી દેવાયા છે.

તાલુકા અને શહેરી વિસ્તારોમાં સલંગ્ન વિભાગોને સાવચેત રહેવા માટે જણાવી દેવાયું છે. હવામાન વિભાગના જણાવાયા મુજબ ગુરૂવાર સવારથી લગભગ શનીવાર સુધી બંને જિલ્લામાં આકાશ વાદળછાયું રહેશે અને ખાસ કરીને પ્રાંતિજ અને તલોદ સહીત અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં સવારથી પવન ફુંકાવાની શક્યતા દર્શાવાઈ રહી છે. જેને લઈને બંને જિલ્લામાં કેટલાક સ્થળે સામાન્ય વરસાદ થવાની વકી નકારી શકાતી નથી. હાલ તો વરસાદ અને વાવાઝોડાથી થનારી અસરોને લઈને બંને જિલ્લાના ખેડૂતો શિયાળુ પાકની વાવણી કરતા પહેલા થોભ્મો અને રાહ જોઈ રહ્યા છે.

# ધાનેરા પાલિકાના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત આવતા ધાનેરા નગરમાં શિયાળાના આરંભે જ ગરમાવો

ધાનેરા, તા. ૬

નવા વર્ષના આરંભે જ ધાનેરા નગરપાલિકાના કોંગ્રેસના પ્રમુખ યુસુફખાન બેલીમ વિરુદ્ધ ૧૧ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી જણાવ્યું હતું કે, પ્રમુખ ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં ઠરાવેલ ફરજો બજાવવામાં નિષ્ફળ અને અસમર્થ નીવડ્યા છે, સભ્યોને વિશ્વાસમાં લીધા વિના સત્તાનો દુરુપયોગ કરી મનસ્વી વહીવટ થકી નાણાંનો બગાડ કરી ભ્રષ્ટાચાર આચરેલ છે, નગરમાં સફાઈ આરોગ્ય જેવી પ્રાથમિક સવલતો આપવામાં પણ ઉણા ઉતર્યા છે તેવા આક્ષેપો કરી અવિશ્વાસની દરખાસ્ત લાવવાની ફરજ પડી છે તેમ ઉમેર્યું હતું. જેના કારણે પાલિકામાં નવાજુનીના એંધાણને લઈ નગરમાં શિયાળાના આરંભે જ ગરમાવો છવાયો છે. દરખાસ્ત રજૂ કરનાર સભ્યોમાં ગીતાબેન રામચંદભાઈ વાઘેલા, શારદાબેન જોરાભાઈ પ્રજાપતિ, સવદાનભાઈ જોધાભાઈ પટેલ, દજાભાઈ ભુદરાભાઈ તરક તરુબેન ઈશ્વરસિંગ રાજપૂત, જબરસિંહ સવાજી રાજપૂત, ઈન્દુબેન રાજેશકુમાર જોશી, જોશનાબેન યોગેશભાઈ ત્રિવેદી, કિરણબેન સંજયભાઈ સોની, ઉમાકાન્ત ગણપતલાલ મિસ્ત્રી, હીરાલાલ ન્યાલચંદ ઠક્કરનો સમાવેશ થાય છે. તો બીજી તરફ પાલિકા પ્રમુખે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું આ સદસ્યો મારી પાસે ગેરકાયદેસર કામ કરાવવા માંગતા હતા અને ગેરકાયદેસર કામ કરવાની ના પાડતા આ લોકોએ મારા સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે.

